

## બોર્ડ ઓફ ડીરેક્ટર્સનો

## ૪૫મો વાર્ષિક અહેવાલ ૨૦૧૮-૨૦૧૯

**માનનીય સભાસદ ભાઈઓ અને બહેનો,**

આપણી બેંકની ૪૫મી વાર્ષિક સાધારણ સભામાં આપ સર્વે સભાસદોનું હૃદય-પૂર્વક સ્વાગત કરતા હર્ષ અને આનંદની લાગણી અનુભવું છું. બેંકીગ સેકટરના વર્તમાન-સ્પર્ધાત્મક સમયમાં બેંકે પ્રસંશનીય પ્રગતિ કરી છે. જેનો સમગ્ર શ્રેય આપ સર્વે સભાસદશ્રીઓ માનવંતા ગ્રાહકો, બેંકના બોર્ડ ઓફ ડાયરેકટર્સ તેમજ બેંકના તમામ કર્મચારીઓના સહયોગથી બેંકની પ્રગતિ અને પ્રતિષ્ઠામાં અભિવૃધ્ધી કરવા બદલ તેમનો હું આભાર માનું છું.

બેંકના તારીખ ૩૧-૩-૨૦૧૯ ના પૂરા થતા વર્ષના ઓડીટ થયેલ વાર્ષિક-હિસાબો આપની સમક્ષ રજૂ કરતા આનંદ અનુભવું છું.

બેંકની સધ્ધરતા અને નફાકારતાનો આધાર બેંકની વસૂલાત ઉપર છે. આપણી બેંક છેલ્લા ૧૦ વર્ષની જેમ આ વર્ષમાં પણ બોર્ડ ઓફ ડાયરેકટર્સના સહકારથી ૦ % NET NPA જાળવી રાખેલ છે.

સભાસદશ્રીઓને એટલી ટકોર જરૂર કરીશ કે બેંકમાંથી લોન લેનાર અને જામીન થઇ લોન અપાવનાર કે તેઓ નીયમીત હપ્તાની ચૂકવણી કરીને બેંકનું ગ્રોસ NPA હજુ પણ ઘટે તે માટે યોગદાન આપે.

બેંકના સભાસદ-ગ્રાહકો માટે ગત-વર્ષ કરતા આ વર્ષમાં ડીપોઝીટના વ્યાજના દરોમાં વધારો કરવામાં આવેલ છે. ગોલ્ડ લોન લેનાર માટે ૧ % નો વ્યાજના દરમાં બોર્ડ દ્વારા ઘટાડો કરવામાં આવેલ છે.

તમામ ક્ષેત્રે મંદીનું વાતાવરણ છંતા આપણી બેંકે ગ્રાહકો પ્રત્યેનો કો-ઓપરેટીવ અભિગમ અને પારદર્શક વહીવટથી પ્રગતિ જાળવવાનો પ્રયાસ કરેલ છે. જે આપના સાથ સહકાર ને વિશ્વાસ ને આભારી છે.

**૧. શેર ભંડોળ અને અન્ય ભંડોળો :-**

આ સાથે વર્ષને અંતે શેરભંડોળ રૂા.૧૯૩.૦૦ લાખ જેટલુ થયેલ છે. શેરભંડોળ સાથેનું સ્વભંડોળ રૂા.૧૦૨૧.૧૧ લાખથી વધીને રૂા.૧૦૨૯.૩૪ લાખ જેટલુ થયેલ છે અને સભાસદોની સંખ્યા ૨૧૦૯૮ ની થયેલ છે.

**૨. થાપણો :-**

બેંકની થાપણો એ બેંકમાં લોકોનાં વિશ્વાસનું પ્રતિક છે. નાણાંકિય વર્ષને અંતે ડીપોઝીટ રૂા.૩૪૨૩.૭૫ લાખની થયેલ છે. બેંકની નફાશકિતમાં વધારો થાય તે રીતે ઓછા વ્યાજની થાપણોમાં સારો એવો વધારો કરી શકયા છીએ, જેમાં આપ સૌ સભાસદો-થાપણદારોએ અમારા ઉપર મુકેલ વિશ્વાસ એ મહત્વની બાબત છે. આપ સૌ સભાસદો-ગ્રાહકોને ધ્રાંગધ્રા શહેરની પોતાની જ બેંકમાં થાપણો મુકીને બેંક અને શહેરના વિકાસમાં મદદરૂપ થવા અપીલ છે.

**૩. થાપણોનું વીમા કવચ :-**

દરેક થાપણદારો બેંકમાં પોતાની મુકેલ થાપણોની સલામતી ઇચ્છતા હોય છે. થાપણોની સલામતી માટે રીઝર્વ બેંક મારફત આ હેતુસર ડીપોઝીટ ઈન્સ્યોરન્સ એન્ડ ક્રેડીટ ગેરંટી કોર્પોરેશન નામની સંસ્થા અસ્તીત્વમાં છે. આપણી બેંક તેની સભ્ય છે અને બેંકના થાપણદારોની થાપણો ઉપર દર છ મહિને પ્રીમીયમ મોકલવાનું હોય છે. આપણી બેંકે તા.૩૦/૦૯/૨૦૧૯ સુધીનું ભરવાનું થતું એડવાન્સ પ્રીમીયમ રૂા. ૨,૦૮,૩૮૦ મોકલી આપેલ છે. જેથી થાપણદારોની રૂા. ૧ લાખ સુધીની થાપણો સુરક્ષીત રહે છે.

**૪. ધીરાણો :-**

બેંકનું મહત્વનું કાર્ય થાપણો મેળવવી અને તેનું નફાકારક રોકાણ કરવાનું છે. ધીરાણો એ બેંકના રોકાણ માટે અને તેમાંથી મળતી આવક નફા માટે અગત્યની છે. બેંક તરફથી ચોકસાઇપૂર્વક અને બેંકનાં ધીરાણની રકમ જોખમાય નહી તે રીતે ધીરાણ કરવામાં આવે છે. ધીરાણ ઉપરનાં વ્યાજનાં દરની હરિફાઇ, રાષ્ટ્રિયકૃત અને ખાનગી બેંકોની આક્રમક ધીરાણ પ્રોડકટ, મંદીનું વાતાવરણ હોવા છતાં આપણી બેંકે ધીરાણ કરેલ છે. નાના ઉધ્ધોગ અને ધંધાદારીઓ, દુકાનદારો, નોકરીયાતોને ધીરાણ આપવામાં આવે છે. જે ધીરાણ વેપાર-ધંધા માટે હાઇપોથીકેશન, મકાન બનાવવા, ખરીદવા, મરામત કરવા માટે નાના-મોટા વાહનો ખરીદવા માટે આપવામાં આવે છે.

સોનાનાંદાગીનાં સામે, બેંકનાં સભાસદોનાં બાળકોનાં સારા શિક્ષણનાં હેતુ માટે શૈક્ષણિક લોન, બેંકની પોતાની એફ.ડી. સામે ખુબજ ઓછા વ્યાજનાં દરથી ધીરાણ આપવામાં આવે છે. તેથી આપ સૌ સભાસદોને ધીરાણનો લાભ લેવા માટે આહવાન આપુ છું. અમારી ટીમે કાર્યભાર સંભાળ્યા પછી કાયદાની મર્યાદામાં રહીને નવા ધીરાણો શરૂ કરેલ છે.

**૫. એજ્યુકેશન લોન યોજના :-**

સભાસદોના બાળકો માટે રૂા. ૧,૦૦,૦૦૦/- સુધીની એજ્યુકેશન લોન આપવામાં આવે છે. જેમા વિદ્યાર્થીને ડેસ્કટોપ લેપટોપ, કોમ્પ્યુટર, સ્કૂલ ફી વિગેરે માટે આ યોજના ચાલુ છે. આપ સહુને બ્હોળા પ્રમાણમાં લાભ લેવા વિનંતી.

**૬. એન.પી.એ અને વસુલાત :-**

કોઈપણ બેંક માટે ધીરાણ એન.પી.એ. થાય તે બેંકની પ્રગતિને નુકશાનકારક છે. બેંકનું નેટ એન.પી.એ. ચાલુ વર્ષે પણ શુન્ય (૦) ટકા રહેલ છે. એટલે કે બેંકના એન.પી.એ. ધીરાણની પુરેપુરી રકમની બેંકે જોગવાઇ કરી લીધેલ છે. અમોએ વહીવટ સંભાળ્યા પછી વર્ષ દરમ્યાન ઘણા નવા એન.પી.એ. ખાતાઓ થવા છતાં વર્ષ દરમ્યાન કુલ રૂા.૭૭.૨૩ લાખની એન.પી.એ ખાતાની વસુલાત કરીને વર્ષને અંતે કુલ એન.પી.એ. રૂા. ૩૫૭.૬૮ લાખ જેટલુ છે અને કુલ એન.પી.એ. ખાતાની સંખ્યા ૨૫૬ થયેલ છે. તેની સામે બેંકે રૂા.૩૫૭.૭૪ લાખની જોગવાઇ કરેલ છે. અહેવાલના વર્ષ દરમ્યાન એન.પી.એ. વસુલાત કરવા માટે ભુતકાળના સંદર્ભમાં બેંકે ખુબજ કડક વલણ દાખવેલ છે અને નિયમ બહારની કોઇ પણ છુટછાટ આપેલ નથી. બેંકના નફા ઉપર કોઇ જ વિપરિત અસર ન પડે અને સાચી દાનતથી રકમ ભરનારને સહન ન કરવું પડે તેનું ખાસ ધ્યાન રાખેલ છે. બેંકનાં કર્મચારીઓને એન.પી.એ. ધીરાણની વસુલાત માટે કોઈની પણ ખોટી ધમકીથી ડર્યા વીના બેંકનાં હિતમાં વસુલાત કરવા માટે પ્રોત્સાહન અને પીઠબળ પુરૂ પાડવામાં આવેલ છે. **બેંકનાં કર્મચારીઓ અને કેટલાક શુભેચ્છકો તરફથી એવું પણ કહેવામાં આવેલ છે કે, ભુતકાળમાં જે ખાતાઓની વસુલાત ન થઇ શકે તેવા ખાતાની વસુલાત આપની ટીમે કરેલ છે તે અમારા માટે ગૌરવની બાબત** છે. ચાલુ નાણાંકિય વર્ષ દરમ્યાન અમોએ ગત વર્ષે જે ખાત્રી આપેલ તે મુજબ નવા એન.પી.એ. ન થાય અને જુના એન.પી.એ. ની વસુલાત કરી બેંકે વધુ નફો કરેલ છે. વિશેષમાં, બેંક તરફથી યોગ્ય કિસ્સાઓમાં રીઝર્વ બેંક તથા રાજયનાં સહકારી ખાતાની વખતો વખતની માર્ગદર્શિકાઓ અનુસાર બેંકનાં લવાદી કેઇસવાળા અને જુના તથા જામી ગયેલ ખાતાનાં કરજદારોને વ્યાજમાં નિયમની મર્યાદામાં રહીને રાહત આપીને વસુલાત કરવામાં આવેલ છે. અને તેઓ પાસેથી કુલ રૂા.૧૦.૫૪ લાખની વસુલાત કરેલ છે અને બેન્કના હીતને ધ્યાનમાં રાખીને રૂા.૨.૯૪ લાખની વ્યાજની રાહત ૪ ખાતામાં આપવામાં આવેલ છે જેને બહાલી આપવા માટે આપની સમક્ષ રજુ કરેલ છે જેને આપ સૌ બહાલી આપશો તેવી આશા રાખુ છું.

**૭. નાણાંકિય પરિણામ :-**

બેંકનો ધ્યેય નફો કરવાનો નહીં પરંતુ શહેરનાં નાગરિકોને વ્યાજબી દરે બેંકિંગ સેવા પૂરી પાડવાનો છે. તેમ છતાં બેંક સક્ષમતાપુર્વક ચાલે તે માટે વ્યાજબી નફો પણ ખુબ જ જરૂરી છે. બેંકનાં સ્ટાફનાં પગાર, વહીવટી ખર્ચ, મિલકત ઘસારાઓ વિગેરે ખર્ચ બાદ કર્યા પછી નાણાંકિય વર્ષને અંતે **બેંકે રૂા. ૧૩.૩૯ લાખનો નફો કરેલ છે.** રીઝર્વ બેંકનાં નિયમો અનુસાર CRAR માટે પણ નફો અગત્યનો છે.

**અમે જયારે બેંકનો વહીવટ સંભાળેલ ત્યારે બેંકનું જુનુ નુકસાન રૂા. ૧,૮૯,૧૧,૨૫૩/૬૦ હતુ જે અમારા આ ૮ વર્ષનાં કાર્યકાળ દરમ્યાન નુકશાનમાંથી નફામાં પરિવર્તીત કરેલ છે અને બેંકે રૂા. ૧૩.૩૯ લાખ નફો કરેલ છે. આ ઉપરાંત માધુપુરા મર્કન્ટાઇલ બેન્કની જોગવાઇ ૧,૫૪,૭૧,૧૦૮ = પુરેપુરી કરેલ છે.**

**૮. રોકાણો :-**

બેંકમાં થાપણદારોએ મુકેલ થાપણોનો ઉપયોગ બેંક તરફથી ધીરાણ કરવામાં તથા અન્ય જગ્યાએ રોકાણ કરવામાં આવતો હોય છે. રીઝર્વ બેંકનાં નિયમ મુજબ કેટલાક રોકાણો ફરજિયાત કરવા પડતા હોય છે જે માટે બેંકે સરકારી જામીનગીરીમાં રૂા.૧૧૨૨.૭૬ લાખનું રોકાણ કરવા સાથે અન્ય બેંકોમાં રૂા.૫૧૨.૨૭ લાખનું રોકાણ કરેલ છે. આમ બેંકનું કુલ રોકાણ રૂા. ૧૬૩૫.૦૩ લાખનું થયેલ છે જે બેંકની સધ્ધરતા અને ફંડની તરલતા દર્શાવે છે.

**૯. ઓડીટ :-**

બેંકનાં પુરા થયેલ નાણાંકિય વર્ષનું ઓડીટ એન. એમ. તન્ના એન્ડ એસોસીયેટ કું. ચાર્ટડ એકાઉન્ટન્ટ જામનગર દ્વારા થયેલ છે. બેંકની કામગીરીથી સંતોષ વ્યકત કરેલ છે પુરા થયેલ નાણાંકિય વર્ષનાં ઓડીટ દરમ્યાન ઓડીટર શ્રી રોનકભાઇ જે. સંઘવી ચાર્ટડ એકાઉન્ટન્ટ બેંકનાં વિકાસમાં મદદરૂપ થાય તેવા સુચનો બેંકમાં અવારનવાર રૂબરૂ આવી જાતે હાજર રહીને કરેલ છે. બેંકનાં ટેક્ષ કન્સલટન્ટ અને શુભેચ્છક શ્રી રોનકભાઇ જે. સંઘવી ચાર્ટડ એકાઉન્ટન્ટ તથા ઇન્ટરનલ ઓડીટર્સ ચાર્ટડ એકા. ધવલભાઇ શાહ અને કનકરંટ ઓડિટર શ્રી જય સોની (સોની એન્ડ પટેલ) સી.એ. અમદાવાદ અને એ બેંકની વારંવાર મુલાકાત લઇને બેંકનાં રોજબરોજનાં વહીવટમાં ઉપયોગી માર્ગદર્શન આપેલ છે આ તબકકે હું ચાર ચાર્ટડ એકાઉન્ટન્ટ ભાઇઓનો અંગત રીતે આભાર માનું છું. તેમજ રીઝર્વ બેંક ઓફ ઇન્ડીયા મારફત અવારનવાર મળતા માર્ગદર્શન માટે જનરલ મેનેજર તથા તમામ ઓફિસરનું ઋણ સ્વીકાર કરીએ છીએ.

**૧૦. બોર્ડ ઓફ ડીરેકટર્સ અને તેની કામગીરી :-**

અહેવાલનાં વર્ષ દરમ્યાન બેંકનાં ભુતપૂર્વ ડાયરેકટરો તરફથી આપવામાં આવેલ સાથ-સહકાર બદલ આભાર માનું છું.

અહેવાલનાં વર્ષનાં સમયમાં મારી સાથે ચુંટાઇને આવેલ મારા ડાયરેકટર મિત્રોની નિમણૂંક ને બહાલી માટે આપની સમક્ષ મુકેલ છે તેને આપ સૌ સભાસદો બહાલી આપશો તેવી વિનંતી.

અંગત રીતે જણાવુ તો મારા માટે નાણાંકિય વર્ષ દરમ્યાન બેંકનાં વહીવટમાં આપ સૌ સભાસદો, ગ્રાહકોની સેવામાં ભુલ થઇ હોય તો તે મારી અંગત ભુલ ગણીને મને ક્ષમા કરશો અને શહેરની જીવાદોરી સમાન **"પીપલ્સ બેંક"** મારફત આપ સૌની અને શહેરની વધુ સારી સેવા કરવાની તક આપશો.

**૧૧. શ્રધ્ધાંજલી :-**

અહેવાલનાં વર્ષ દરમ્યાન બેંકનાં જે માનનીય સભાસદો, થાપણદારો, ગ્રાહકો, શુભેચ્છકોનાં દુઃખદ અવસાન થયેલ છે તે સૌ મૃતકોને પરમકૃપાળુ પરમાત્મા ચીરઃ શાંતી આપે અને સૌને મોક્ષ પ્રદાન કરે તેવી સમગ્ર બેંક પરીવાર અને બોર્ડ ઓફ ડીરેકટર્સ તરફથી પ્રાર્થના છે.

**૧૨. કર્મચારી સંબંધ :-**

બેંકનાં કર્મચારીઓ સંસ્થાનાં હાથ,પગ, અને હૃદય છે. કર્મચારી વિના બેંકનું અસ્તિત્વ શકય નથી. અમારા વહીવટનાં ટુંકા ગાળામાં અમને કર્મચારીઓ તરફથી ખુબજ સુંદર સહકાર મળેલ છે. રીકવરી વિભાગનાં કર્મચારીઓની ઘડીયાળ સામુ જોયા વિનાં કામ કરવાની ધગશથી બેંકનું એન.પી.એ. ઘટાડવામાં ખુબજ પ્રશંસનીય કામગીરી થયેલ છે તે સૌને ધન્યવાદ આપુ છું. સાથે સાથે એ પણ કહેવુ જરૂરી છે કે, બેંકનું ચાલુ નાણાકિય વર્ષ બેંકનાં વિકાસ અને નફામાં વધારો કરે તથા અમારા સાથી મિત્રોનાં વહીવટની કુશળતા સાબીત કરી શકીએ તે માટે આપ સૌ કર્મચારી મિત્રો વધુને વધુ સહકાર આપશો તો ચોકકસ તે આપનાં લાભની સાથે શહેરનાં લાભમાં અને વિકાસમાં મદદરૂપ થવાશે.

વિશેષમાં, આપ સૌ કર્મચારી મિત્રોને બેંકની નિયમ મુજબની કોઇ પણ કામગીરીમાં આપને અડચણ આવેતો અમને જણાવશો તો તેનો તુરત નિકાલ લાવવામાં આવશે જેની ખાત્રી આપીએ છીએ. સાથે સાથે કર્મચારી મિત્રો પાસેથી બેંકનાં વધુ વિકાસ, કરકસરભર્યા વહીવટ અને ભવિષ્યમાં બેંક વધુને વધુ પ્રગતિ કરી શકે તે માટે આપ સૌ પાસેથી અપેક્ષા રાખુ છું.

**આભાર દર્શન :-**

બેંકના સરળ અને સફળ સંચાલનમાં અમને રીઝર્વબેંક, સહકારી ખાતુ, જીલ્લા રજીસ્ટ્રારશ્રી (સ.મં.), ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંક, બંને ફેડરેશન, સુરેન્દ્રનગર જીલ્લા સહકારી બેંક, અન્ય નાગરિક સહકારી બેંકો, સ્થાનિક રાષ્ટ્રિયકૃત બેંકો, ખાનગી ક્ષેત્રની બેંકો, બેંકના દાગીના ધીરાણનાં વેલ્યુઅર, મિલકતના વેલ્યુઅર, વકીલશ્રી, વિવિધ કન્સલટન્સી પુરી પાડતી સંસ્થાઓ, વ્યકિતઓ, સભાસદો, ગ્રાહકો, થાપણદારો, શુભેચ્છકો વિગેરે સૌ નામી-અનામી દરેકનો આભાર માનવા સાથે ભવિષ્યમાં પણ આથી વધુ ઉમદા સહકાર મળે તેવી આશા સાથે - જય સહકાર

આપનો સહકારી

**પ્રકાશભાઇ કાંતિલાલ રાજવીર**

ચેરમેન

ધ્રાંગધ્રા

તા. ૦૯-૦૯-૨૦૧૯



બેંકના તમામ ગ્રાહકોને તેમની K.Y.C. માટે
આધાર કાર્ડ - પાનકાર્ડ ખાતામાં લીન્ક કરાવવું ફરજીયાત છે.